# અનોખી આવડત ધરાવતો
# ઢેબર રબારી સમાજ





## એક અધ્યયન....

વર્ષ : એપ્રીલ ૨૦૧૭





કન્યા કેળવણીના પ્રચાર પ્રસાર માટે તૈયાર કરવામાં આવેલ શિક્ષણ રથ



કન્યા કેળવણીના પ્રચાર પ્રસાર માટે ગામે ગામ પ્રવાસે નિકળેલ શિક્ષણ રથ


ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી તથા અરજણભાઈ રબારીની સાથે રબારી સમાજની મહિલાઓ તથા અગ્રણીઓ


સરકારી અધિકારી કક્ષાએ પહોંચેલ રબારી સમાજના વ્યક્તિઓનું સન્માન



સમાજના યુવાનો દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરી શિક્ષણ વિકાસમાં ચેક અર્પણ કરતા યુવા અગ્રણીઓ


રબારી સમાજના શ્રેષ્ટીઓનું સન્માન કરતા સમાજના અગ્રણીઓ



રબારી સમાજના લાભાર્થે દાન મળેલ એમ્બ્યુલન્સનું પૂજન કરતી બાળાઓ


સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા એમ્બ્યુલન્સ સમાજને અર્પણ કરવામાં આવી

# અનોખી આવડત ધરાવતો ઢેબર રબારી સમાજ

## એક અધ્યયન....

આપણે જાણીએ છીએ કે ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. દેશનાં વિકાસમાં ગ્રામ પંચાયતએ પાયાનું એકમ છે. પંચાયતની રચના પાછળનો મુખ્ય ઉદેશ્ય એ આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય પર કેન્દ્રિત થયેલો છે. એટલે એમ કહી શકાય કે વિકાસનાં મુદાઓનું આખરી સિંચન ગ્રામ સ્તર પર જ થાય છે અને દેશનાં વિકાસને વેગ અને નવી દિશાઓ મળે છે.

ગ્રામીણ સ્તર પર અનેક સમુદાયો, સમાજો, જ્ઞાતીઓ પોતાની પરંપરાને જાળવી, પરિવર્તન કરી અને સમાજને સંગઠિત રાખવામાં સહયોગી થાય છે જે સમાજ ભાવનાને પ્રેરક બળ પુરૂં પાળે છે. આવો જ એક સમાજ જે ઢેબર રબારી સમાજ નામથી ઓળખાય છે. આ સમાજ દેશનાં વિવિધ રાજયોમાં ભ્રમણ કરી અને પોતાની આગવી પરંપરા અને માલધારીયતને ટકાવી રાખવા તેમજ માલધારીપણાનું સિંચન કરવા પ્રયત્નશીલ છે. ભારત દેશમાં આ માલધારીયતે રબારી ઢેબર સમાજને આગવી ઓળખ આપી છે.

પોતાના વશંપરંપરાગત વ્યવસાય અને માલધારીયતને ટકાવી રાખવા આ સમાજ દેશનાં અલગ અલગ રાજયને પોતીકું સમજી અને માલધારીયત તેમજ પરંપરાગત વ્યવસાયને ને યોગ્ય હોય તે જગ્યા પર વશવાટ કરે છે. પરંપરાગત વ્યવસાયને ટકાવી રાખવા સમાજે ગણો ભોગ પણ આપ્યો છે. સમાજ શિક્ષણ,કન્યા શિક્ષણ આરોગ્ય, અન્ય સમાજોની સાપેક્ષમાં ઉણા ઉતરવા, સ્નેહિજનોથી દૂર રહેવા, જૂના અવરોધરૂપ રિવાજો વગેરે જેવી સામાજિક સમસ્યાઓથી ગ્રસ્ત હતા.આવા મુદાઓ સમાજ વિકાસમાં અંતરાયરૂપ હતા.

પરંતુ ગીતામાં લખ્યું છે કે ' પરિવર્તન સંસારનો નિયમ છે' , આ શૂત્ર ને સાર્થક કરવા આ સમાજનાં સેવાભાવી, પરિવર્તનશીલ અને સમાન સમાજની રચના કરવા ઇચ્છતા સમાજનાં મહિલા અને પુરૂષ આગેવાનો એ સમાજનાં માળખામાં રહી સમાજ પરિવર્તનની દિશામાં કઇ રીતે જઇ શકે તેમજ અન્ય સમાજોની સાપેક્ષમાં સમાજ કઇ રીતે વિકાસ સાંધી શકે તે માટે સમાજે ખૂબ મંથન કર્યુ. આજે આ સમાજ આવા પરિવર્તનોથી મીઠાં ફળ પણ ચાખી રહ્યો છે. એટલે એમ કહી શકાય કે સમાજ પરિવર્તનશીલ હશે તો જ ગામડું અને છેલ્લે દેશ પરિવર્તનશીલ બનશે અને વિકાસરૂપી બીજનાં રોપણ બાદ સાચાં અને સારા ફળો મેળવી શકસે. એટલે એમ કહી સકાય કે પંચાયતની રચના પાછળનો મુખ્ય ઉદેશ્ય એટલે કે સામાજિક ન્યાય સાચા અર્થમાં ચરિતાર્થ થશે.જેનાથી ગાંધીજીની પરિકલ્પના સાચા અર્થમાં ચરિતાર્થ થશે.

આ પુસ્તકમાં રબારી ઢેબર સમાજની પરંપરાઓ, ઇતિહાસ અને રિવાજો પર દ્રષ્ટિગોચર કરવામાં આવ્યું છે સાથેસાથે સમાજ દ્વારા પરિવર્તનશીલ પ્રયત્નો, સમાજ વિકાસ માટેની સફળ ગાથાઓ, રિવાજોનાં બદલાવ પર કરવામાં આવેલાં પ્રયત્નોને પણ ઉલ્લેખવામાં આવેલ છે.આશા છે રબારી ઢેબર સમાજ આવી રીતે જ સામાજિક વિકાસની દિશામાં આગળ વધશે અને અન્ય સમાજોને આવા મુદાઓ પર વિચાર કરવા માટે અને અમલ કરવા માટે પ્રેરક બળ પુરૂં પાળશે.



# પશુઓને જાણવાની અનોખી આવડત ધરાવતા ઢેબર રબારી સમાજનો રસપ્રદ ઈતિહાસ

## પ્રથમ પરિચય :

ચારે દિશામાં લોકો ઢેબર રબારી સમાજની અલગ-અલગ પેટા જ્ઞાતિ તરીકે ઓળખે છે. ઢેબર નામ રબારી લોકો ઢેબરા જેવા બાજરાના રોટલા પ્રેમથી ખવડાવતા તેના પરથી ઢેબરીયા રબારી નામ પડયું. આ જ્ઞાતિની પેટા જ્ઞાતિની પેટા જ્ઞાતિ કુલ ૧૩૩ સબ પેટા નુખ/શાંખ છે. આ સમાજ હિમાલયમાંથી ઉતરીને આવેલ છે તેથી હિમાલયની જેમ ઉંચા અને ખડતલ બાંધાના લોકો છે. આ સમાજમાં પશુઓને જાણવાની અનોખી આવડત ઈશ્વરે આપી છે. તેમજ પશુઓને ઈલાજ પણ આ સમાજ મહદ અંશે જાણે છે. આ સમાજ લાકડી ફેરવવાની અને સમયને પારખવાની અનોખી કોઠાસુઝ ધરાવનાર છે. રાજાશાહીમાં તલાટીને ધ્રુવ, ખેડુતને પટેલ અને રબારીને ''શીણાય'' તરીકે ઓળખવામાં આવતા જે શીણાય શબ્દનો આજે પણ ઉપયોગ થાય છે.

ઢેબર રબારી સમાજ હિમાલયમાંથી ઉતરી ગંગાના ઘાટ પર થઇ રાજસ્થાન, ઉત્તર ગુજરાતથી અંજાર અજેપાળ, જેસલ તોરલની આજુબાજુ તાલુકાના ૬૪ માંથી ૩૨ ગામોમાં વસવાટ કરે છે કારણ કે આ સમાજ ધર્મ અને ઈતિહાસ પ્રેમી છે. તેમજ અંજારમાં ટપ્પરનો ડુંગર અને ટપ્પર ડેમ હતો જેથી પશુ માટે પાણી અને ચરિયાણ બન્ને મળી રહેતા અને આજે પણ મોટા ભાગના રબારી મીંદીયાણા-ટપ્પર જેવા ગામોમાં વસે છે. આજે પણ રબારી સમાજનું જીલ્લાનું નેતૃત્વ અંજાર તાલુકામાંથી થાય છે. રબારી લોકો ઘાસિયા, સપાટ અને ડુંગરાળ વિસ્તારમાં પશુને ધ્યાનમાં રાખીને રહે છે.

## સંસ્કૃતિ :

આ સમાજ વડવાળા દેવની પુજા કરે છે. શિવશંકરને ત્યાંથી શામળ રબારીની ઉત્પતિ થઇ છે. શામળને રાઇ નામની અપ્સરાથી લગ્ન કરાવ્યા તેના જે કંઇ વેલો થયો તેમાંથી રબારીની ઉત્પતિ થઇ છે. પાંચ હજાર વર્ષ પહેલા જયારે અવતરણાનું આંણુ કરવા માટે રાજા યુધિષ્ઠીરે રત્ના રબારીને આંણે મોકલ્યો હતો, સુર્ય ઉગતા પહેલા હસ્તીનાપુર પહોંચવાનું હતું ત્યારે સાંઢણીથી પહોંચ્યા. તેથી ધર્મરાજ યુધિષ્ઠીરે રત્ના રબારીને (દેશાઇ) નો

ઈલ્કાબ આપ્યો. પીંગલગઢ રામદેવપીરના લગ્નમાં સગુણા બહેનનાં આણા કરવા માટે રબારીને જ મોકલ્યો હતો આવો સાહસિક પશુપાલન વ્યવસાય પરંપરાથી કરે છે. રાજસ્થાનથી ભાષામાં રાયકા અને મૂળ તો રબારી જ છે.



આ રીતે રબારી સમાજની ઉત્પતિ થઈ. સમાજમાં સૃષ્ટિસર્જનની લોકસમજ ઘણી છે. તેમાં દુનિયામાં કયાંય જાય ત્યાં સુરજ ઉગે ત્યારે સવાર અને પુર્વ દિશા નકકી કરે છે. અને ત્યાર પછી કલાકોનો આસરો કરે છે તે પ્રમાણે સમય નકકી કરી લે છે. ગમે તેવા ગાઢ જંગલમાં પાણીના વ્હેણના આધારે દિશા નકકી કરી લે છે. જંગલમાંથી પશુ અને કુટુંબને બહાર કાઢવા પોતે આગળ અમુક પાંદડા ફેંકતા જાય છે અને તેની પાછળ પશુ અને કુટુંબ આવે છે. ઉપરાંત દુરથી પોતાની પાઘડી ફરકાવીને પણ દિશાસુચક બને છે. આ સમાજ કુદરતી સંશાધનને પવિત્ર માને છે. પાઘડી, કડીયું, પોતીયું, લાકડી, ચામડાના પગરખાના પહેરવેશ તથા ખડતલ બાંધો તેમજ હાથે ભગવાનના નામ અને ચિત્રના ત્રોફણા એ આ સમાજની ઓળખ છે. બીડીની જગ્યાએ જુની ભુંગળીમાં (છીકણી) બજર ભરી પીવાની સાથે છટાદાર ચાલ એ રબારીની ખાસ ઓળખ છે. સ્ત્રીઓમાં ઉનનું પહેરણું, ઉપર લોડકી, કમખો અને ચામડાના જુતા અને ઘુંઘટની પ્રથા આજે પણ વારસાઈતમાં છે. પિતાનું પુત્ર ભોગવે અને પિતાનું લેણું હોય તો પુત્રએ ભરવાનું રહે. પિત્રુઓ પાસેથી મળેલી કળાઓ જાળવે, દેશી દવાઓ, જડીબુટીઓનું જ્ઞાન ધરાવે છે. પોતાની તળપદી ભાષા મુળ ગુજરાતી પણ પોતે ઢેબરીયા ભાષા બોલે છે થોડો ભેદ છે. આ પ્રદેશના લોકો મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, છતીસગઢ, મધ્યપ્રદેશ, ઓરીસ્સા અને રાજસ્થાન વસાહતો કરી ચરીયાણ કરે છે જેઓ ફરે છે તે રાજસ્થાની, મરાઠી ભાષા થોડી-થોડી જાણે છે. પોતાપણુ કે પારકાપણુ હોતુ નથી દરેકને સમાન માને છે. વેર વાળવાની કે બદલો લેવાની ભાવના ઓછી હોવા સાથે બહુ સહનશીલ સમાજ છે.

## સમાજનું સ્થળાંતર :

૧૦૦૦ વર્ષ પહેલા હિમાલયમાંથી ઉતરી-ધીરેધીરે ગંગાના મેદાન, યમુનાના મેદાન, ગોકુળ, મથુરા, રાજસ્થાન જેસલમેર પાકિસ્તાનથી

વિચરતા- વિચરતા છેક જુનાગઢ દ્વારિકા સુધી આ સમાજ સ્થળાંતર કરી પથરાયેલો છે. તેમાં જેસલમેરથી ઢેબરીયા રબારી સીધા સ્થળાંતર કરી અને કચ્છમાં ઠરી-ઠામ થયા હતા. સમાજના કહેવા અનુસાર અંજારની એ પણ ઐતિહાસિક



વિશેષતા હતી કે અજેપરદાદા મુશ્કેલીના સમયમાં સમાજને સહાયરૂપ હતા. આજે પણ અજેપારદાદાને ગાયની છાશ પહેલા ઘી ચડાવે છે. આજે પણ લગ્નગીતમાં, અજેપારદાદા અંજાર અને ખેતરપાળ દાદાનો ઉલ્લેખ જોવા મળે છે. ઢેબરીયા રબારી સમાજ પશુપાલન વ્યવસાય આધારિત સમાજ છે. ઘાસ-પાણીની તંગી અને કુદરતી પ્રકોપ દુકાળને કારણે જયાં પાણીઘાસ મળે ત્યાં સ્થળાંતર કરવું પડે છે. અંજારથી કંઠી અબડાસા, નખત્રાણા, ગરડામાં જાય છે. પાવરપટ્ટી, બન્ની, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા અને ઉતરપ્રદેશ હજારી નહેર યમુનાના મેદાન સુધી સ્થળાંતર કરતા હોય છે.

## આજીવિકા :



સમાજની બહેનોનમાં ભરત ભરવાની અનેરી કળા છે. સમાજના લોકો ઘેટાનું ઉન કાઢી રેંટીયાથી સુતરની આંટી બનાવી ફીરકી બનાવી વણકરને આપતા જેમાંથી વણકરો પહેરવેશ બનાવતા. ઉપરાંત બકરીના વાળમાંથી ખાટલાની દોરી, રસી, ધાબળા, કળા, કમરપટ્ટા વગેરે હાથ વણાટની વિશિષ્ટ કલા આજે પણ રબારી સમાજમાં જીવંત છે. રબારી સમાજમાં ખેતીની જમીન ઓછી છે મુખ્ય વ્યવસાય પશુપાલન છે. જેથી સંગ્રહનો પ્રશ્ન નથી. પહેલા દુધ વહેચાતુ નહી એટલે છાશ કરી ઘી બનાવતા અને છાશ પશુને પીવડાવતા પહેલા દુધને વહેંચવું એટલે દિકરાને વહેંચવા બરાબર માનતા પણ હાલ દુધ ડેરીમાં દુધ પશુપાલનને આજીવિકા તરીકે વધુ મહત્વ આપે છે. પશુપાલન સંદર્ભે સ્ત્રીઓની ભુમિકા વધુ હોય છે જેમાં ઘેટાને ચરાવવા કુતરા તેમજ જંગલી

જાનવરોથી સાચવવા, પશુ દોહવા, દુધને સાચવવા, ખાતર ભેગુ કરવામાં તેમજ પશુને છોડવા-બાંધવા ભુમિકા સ્ત્રીઓની રહે છે. ચોમાસુ હોય ત્યારે ગૌચર પર આધારિત હોય છે શિયાળામાં ખેતીની જમીન ખાલી થાય તેમાં પશુ ચરાવે છે અને ઉનાળામાં પાણીની જોગવાઈ હોય ત્યાં ચરાવે. પશુઓને દરેક તળાવમાં પાણી પીવાની છુટ હોય છે. વધારાનું પાણી કે મોટા તળાવોની હરાજી કરી તેની આવકમાંથી ચારો ખરીદી પશુને આપે. પશુઓને ચરાવવા માટે પહેલા વનચરાઈ, પનચરાઈ ભરતા અને હાલમાં તે બંધ છે.

## કળા અને આવડતો :





રબારી લોકો કલામાં હજુ પણ પાવો વગાડે છે. હુન્નરમાં બહેનોમાં ભરતગુંથણ, વણવું, કાંતવું, લીપણ/રાગ કરવું, મોતીકામ વગેરે છે. ભાઈઓમાં બખમલાખળો, લાકડી ફેરવવી, ચિત્રમાં મોર અને પોપટ સરસ આવડે છે. મચીચારણ અને કટાબનું ભરત કરે છે. તેઓ રેસાકામ, દોરડા સુતરડી જેવું કામ બખુબી જાણે છે. સમાજની વ્યવસ્થા પ્રમાણે સમાજ સંગઠીત છે. કુદરતી મનોરંજનને વધારે મહત્વ આપે છે. તેઓ, ફિલ્મ, સિનેમાઓને વધારે મહત્વ આપતા નથી. ખાસ મેળા, મલાખળા, જાતર, પેડી, લગ્ન પ્રસંગ, ઉટદોડ, પશુદોડ દ્વારા મનોરંજન મેળવે છે.

## કૌટુંબિક વ્યવસ્થા :



કુંટુબ અને સગપણમાં અતુટ સબંધો જોડાયેલા છે. માતાઓને, વડીલોને દેવ માને છે. પિતા, દાદાને માન આપે છે. સંયુકત કુટુંબમાં માને છે. અને કુટુંબના વડાને માને છે. નિર્ણય વખતે દરેકનું મંતવ્ય લે છે. જીવનસાથીનો દરજ્જો હોય છે.

સંતાનો દરજજો હોય છે. નિસંતાનની પત્ની પણ સરખો દરજજો આપે છે. અને દિકરા-દિકરીને સરખુ મહત્વ હોય છે. માલધારી સમાજમાં સ્ત્રીઓનો દરજજો ઉંચો છે. કુટુંબમાં સ્ત્રી-પુરૂષની નિર્ણાયક ભુમિકા સરખી હોય છે. પ્રાસંગિક ભુમિકામાં પુરૂષોની ભુમિકા વધારે હોય છે. પરસ્પર વહેવારમાં સ્ત્રીઓની ભુમિકા વધુ હોય છે. માવજતમાં સ્ત્રીઓની ભુમિકા વધુ પડતી હોય છે.  દરેક સમાજ સાથે ભળીને ચાલવામાં માનતો આ સમાજ ઉચ-નીચમાં નથી માનતો. સમય સુચકતાથી વિચારતો સમાજ છે.  દરેક સમાજ સાથે સમભાવ અને સારા વ્યવહાર અને ઉઠ-બેઠ, ચા-પાણી ભોજન બેટી વ્યવહાર રહેણાંકના પ્રસંગો દરેક વ્યવહારો કુશળતાથી જાળવે છે.

## સામાજીક પરંપરા અને રીત રિવાજો :

**બાળજન્મ સાથે સંકળાયેલી વિધીઓ :**



મહિલા ગર્ભવતી બને અને બાળકના જન્મને બે મહિના બાકી હોય તેને પીયરવાળા તેડી જાય છે. પિયરમાં કન્યાનો સીમંત પ્રસંગ ઉજવવામાં આવે છે. બાળકના જન્મ બાદ છઠ્ઠા દિવસે બાળકની છઠ્ઠી ઉજવવામાં આવે છે. જેમાં તેની કુઇ તેનુ નામકરણ કરે છે. અમુક પરિવારોમાં ગળથુથી આપવાનો રિવાજ પણ છે. જન્મના સવા મહિના બાદ બાળકના ગુરૂ નિમવામાં આવે છે જે તેનાં કાન કુકે છે. ગુરૂ તરીકે કાપડી બાવા અથવા ગોસ્વામીને જ બનાવવામાં આવે છે. સવાવરસે તેના બાલમુવાળા(ઝંડા) ઉતારવામાં આવે છે અને કુળદેવી પર તેનું નામકરણ કરવામાં આવે છે. બીજુ નામ હોય તેમજ લાપસી રાંધીને કુટુંબ પરિવારને ભોજન કરાવવામાં આવે. દિકરાના ઝંડાના ઉતરે ત્યાં સુધી વાળ કપાવતા નથી જયારે ઝંડા ઉતરે ત્યારે તેનું મુંડન કરવામાં આવ છે. સમાજમાં દિકરાને જનોઇ આપવાની વિધિ નથી. આજે હોસ્પિટલમાં પ્રસુતિ કરાવવામાં આવે છે પણ દાયણપ્રથા આજે પણ અસ્તિત્વમાં છે.

## લગ્ન સંબધિત વિધીઓ :

પેટા જ્ઞાતિ એક જ હોય તો લગ્ન ના થઇ શકે, કુળ કે નુખની બહાર લગ્ન ન થવાનું કારણ એક જ લોહી સાથે ન થઇ શકે અને ભાઇ-બહેન થાય તેવી માન્યતા છે. હવે દીકરીની અછત હોવાથી કલકતા બાજુથી કન્યા લેવાનું

પરીવર્તન છે. એક કુંટુબના લોહીમાં લેતી-દેતી થતી નથી. લગ્નના મુર્હુત મોટા ભાગે મારાજ (જયોતિષ) પાસે જોવડાવી ગોકુળ આઠમના નકકી કરવામાં આવે છે. તેમજ લગ્ન માતા/પિતા અને વડીલોની સહમતીથી જ



લગ્ન લેવાય છે. પહેલાં બાળ સગાઇ કરવામાં આવતી પરંતુ હાલ ૧૬ થી ૧૮ વર્ષે સગાઇ કરવામાં આવે છે. સગાઇમાં પહેલા પાંચીયો અથવા કોરી ચાંદીના લઇને જતા હાલ પાંચનો સિકકો લઇને જાય છે. અને તેમાં સોપારી, કંકુ, ચોખા, ધ્રો, નારીયલ, સામ-સામા પક્ષ બદલાવી સગપણ કરે છે. સગપણના એકાદ બે વર્ષમાં લગ્ન કરવામાં આવે છે. પહેલા ઘરમાં ગણેશ સ્થાપના થતી, ઘેર ઘેરથી વાણોલા ખાવા જતા એ પ્રથા હવે નથી. પહેલા જાન નવ ટક રોકાતી અને તેનો જમણવાર થતો. પરંતુ હવે જાનૈયા એક જ ટક રોકાય છે. હસ્તમેળાપ અને લગ્નમાં પહેલા માટીની ચોરી વપરાતી હવે સ્ટીલની હોય છે. પહેલા જાન ઉંટગાડીમાં જતી હવે વાહનોમાં જતી થઇ છે. લગ્નની વિધિ ગોત્ર પ્રમાણે થાય છે. બન્ને પક્ષના ગોત્ર અલગ હોય છે તે સમાજના વડીલો અને નજીકના સગાઓ આ વિધિમાં હાજર રહે છે. હાલમાં આ સમાજમાં દિકરીઓની અછતના કારણે સાટા પ્રથાથી લગ્ન થવા લાગ્યા છે. સમાજમાં તલાકની વિધિ નથી. ઢેબર રબારી સમાજે અતિ ભરતગુંથણ ભરીને દહેજમાં આપતા તે ભરત આપવા પર પ્રતિબંધ મુકયો છે.

## બાળલગ્ન :



આ સમાજ ગમે ત્યાં રહેતુ હોય પરંતુ લગ્ન કરવા પોતાના વતનમાં આવે છે. જેથી એક ધકે લગ્ન કરી શકે અને આર્થિક રીતે સરળતા રહે તેથી બાળલગ્ન કરવામાં આવતા. આજથી ૮ થી ૧૦ વર્ષ પહેલા બાળલગ્ન થતા પરંતુ હાલમાં આ સમાજમાં બાળલગ્નની પ્રથા બંધ થઇ ગયેલ છે. જે સમાજ માટે પરીવર્તન છે. છુટાછેડા, પુનઃલગ્ન, દિયરવટુ જેવી વિધઓ સમાજમાં થાય છે.

સાટા પધ્ધતિ પણ સમાજમાં છે જે પડકાર છે અને સામે ન મળે અને ખાનદાની જોઈને લેતીદેતી કરે છે.

## શિક્ષણ :

સમાજમાં દીકરાઓ તેમજ દિકરીઓને ભણાવવામાં સમાનતા છે તેથી સમાજ દ્વારા દિકરીઓને થતી મુશ્કેલીઓ, આર્થિક મુશ્કેલીઓના ઉકેલ માટે કન્યા છાત્રાલય પણ બનાવવામાં આવેલ છે. સમાજમાં કેટલાક પરિવારો દીકરીને તો સાસરે જઇ પરિવાર સંભાળવાનો છે તેથી ભણાવવાનો કોઇ અર્થ નથી તેવું પણ માને છે. લગ્ન પછી દીકરીને ભણવાની ઇચ્છા હોય તો કેટલાક પરિવારો ભણાવે છે. પણ મોટાભાગે આગળ ભણાવવામાં નથી આવતી. ઢેબર રબારી સમાજના લોકફાળાથી કન્યા છાત્રાલયનું સંકુલ ચાર કરોડનું સંકુલ ઉભું થયું છે જે છાત્રાલયમાંન ૨૫૦ દિકરીઓ અભ્યાસ કરે છે.







## મૃત્યુ સંબંધિત વિધિઓ :

મરણ સમયે અગ્નિસંસ્કાર કરવામાં આવે છે અને હિંગલાજમાતાની યાત્રા કરી હોય તો સમાધી આપવી પડે અને સામાન્ય રીતે ૧૨ માં દિવસે ૧૨મું કરે છે. જેને દહાળો કહેવામાં આવે છે. મરણબાદ તેના અસ્થિ(ફુલ) અંજાર તાલુકામાં ખાસ જોગણીનાર કુંડમાં વિસર્જન કરવામાં આવે છે. ઉપરાંત ધ્રબુડી, સિધ્ધપુર, ગંગા સુધી પણ જાય છે. સવા મહીને વરસી વાળવામાં આવે તેનો મતલબ કાળા કપડા મુકી શોક ઉતારવાનો થાય છે.

## સામાજિક પ્રથાઓ :

કરાર, કબુલાત, બોલી આજ પણ મૌખિકમાં થાય છે. એક પત્ની હોય અને તેને બાળક ન થતુ હોય તો સમાજની સલાહથી બીજી પત્ની કરી શકે છે પણ બહુપત્નીત્વ નો રીવાજ નથી. ઝઘડાની પતાવટ સમાજમાં પ્રશ્ન જાય છે. અને પંચ બેસીને સમાધાન કરે છે. લેખિત કરાર થતા નથી સમાજના પંચો સામાજીક રીત-રિવાજોનું ઘડતર કરે છે. ધારા-ધોરણો ઠરાવો કરે છે અને એ ધારા-ધોરણો પર સમાજ કાયમ રહે છે. ચોરી-લુંટફાટની કાનુની કાર્યવાહી થતી હોય છે. સ્ત્રી કે પુરૂષના ઝઘડામાં પંચો પતાવટ કરતા હોય છે અને જટીલ પ્રશ્નો માટે કાનુનનો સહારો પણ લે છે.

## સમાજમાં પ્રવર્તમાન માન્યતાઓ :





**ધાર્મિક માન્યતા :**

આજે પણ બિમારી મટાડવા માટે દેવ-દેવતાની માનતા રાખે છે. ખાસ કરીને પોતાની કુળદેવી મોમાઇમાતા, વાંકોલમાતા, ચામુંડામાતા, વાછરાદાદા, ગોગા મહારાજને માને છે. આ સમાજ વર્ષોથી દુધરેજ મંદિર તથા દુધઈ મંદિરની ગુરૂગાદીને પૂજતું આવેલ છે. આ સમાજ શાકાહારી છે. નવરાત્રીમાં દેવ-દેવીઓના સ્થાનકે જવાનું અને મેળામાં જવાનું પીર-ફકીર ફકીરને સંતોને પણ માને છે. અમુક તિથીઓના ઉપવાસ પણ કરે છે. મહિલાઓ મોરાકાત, દિવાસો અને પુરૂષો ચૈત્રમાસની પુનમ, નવરાત્રી, ગોકુળઆઠમ વગેરેના ઉપવાસ કરે છે જેમાં દુધ, ફ્રુટ સામો વગેરે ખોરાક લેવાય છે. ચમત્કાર, ડાકણ વગેરેમાં માનતા.

હજુ અમુક લોકો અંધશ્રધ્ધા, ભુવામાં માને છે. તેમજ પશુ-પક્ષીઓ વિશેનો દ્રષ્ટિકોણ રક્ષણ કરવાનો છે. તેમાં તેમની ભાષા ઓળખવી અને નુકશાન ન કરવું અને કુતરા ઓ વફાદાર રહે છે. વરસાદની આગાહી આપનાર પશુઓમાં જ તેમના ચિન્હો વર્તાય છે. વન્ય પ્રાણીઓને પણ આ લોકો નુકશાન કર્તા નથી. નોળીયાને સુકનીયાળ માને છે, બિલાડી આડી ઉતરે તો અપશુકન, ઘુવડ બોલે તો અપશુકન માને છે. કુતરા ઉનવાઈ કરે ત્યારે પણ અપશુકન માને છે.

**:: રબારી સમાજના પૂજનીય દેવસ્થાન ::**




### પશુપાલન સંબંધિત માન્યતા :



પ્રજનન સબંધી માન્યતામાં દર ત્રણ વર્ષે (બુલ) સાંઢે ને બદલવામાં આવે છે. તેમજ બીજા ગામે સાથે આંતરિક રીતે બદલવામાં આવે છે તેની માન્યતા એ છે કે ત્રણ વર્ષે વાછરડી-પાડી મોટી થઇ જાય તેનુ ફલન તેના પિતા દ્વારા ન થાય તેવી માન્યતા છે.

### પ્રકૃતિ સંબંધિત માન્યતા :

વનસ્પતિ ઘાસને જીવના માફક જતન કરે છે જંગલને જનેતાની ગોદ માને છે.  વનસ્પતિ અને ઘાસનું અને પ્રકૃતિનું ઘણુ જ્ઞાન ધરાવે છે અને જતન પણ. કરે છે વિધિમાં વૃક્ષોનું મહત્વ, તુલસી, પીપડો અને બીજના ચંદ્રષ્ટના અખાત્રીજ ચૈત્રીપુનમ અને દરેક માસની બીજને ઉજવે છે. હોળી, દિવાળી નિમિત્તે પશુઓમાંથી થતી આવકમાંથી ફાળો આપે છે. ગુગળ, પીલુને જાળવે છે. ઔષધી જળીબુટ્ટીને માન્યતા આપે છે ધરતીને માતા ગણે છે. ડુંગરોને પણ દેવ ગણે છે. પર્યાવરણને ટકાવવું તે ફરજ માને છે અને પર્યાવરણ પ્રેમી સમાજ છે. વગડાનો વિચરતો સમાજ છે પ્રકૃતિને બહુસારી રીતે જાળવી શકે છે.

## ઢેબર સમાજે સમાજ માટે કરેલ મહત્વના પરિવર્તનો :

૧. વર્ષ ૨૦૧૧માં ઢેબર સમાજ દ્વારા તૈયાર કરેલ રથ ઉપર કન્યા કેળવણીના પોસ્ટર લગાવી કન્યા કેળવણીનો રથ ગામો ગામ ફેરવીને કન્યા છાત્રાલય માટે અંદાજે ચાર કરોડ રૂપિયાનું ભંડોળ એકત્રીત કરવામાં આવ્યું. જેમાં કોઈ સમાજના વ્યકિતએ રૂમનો ખર્ચ લખાવ્યો આ રીતે એક ભગીરથ કાર્ય ઢેબર સમાજે કરેલ છે. હાલ ૨૫૦ જેટલી કન્યાઓ અભ્યાસ કરે છે જે સમાજ બદલાવની સારી પહેલ છે.




એક દાયકા પહેલા જે ઢેબર રબારી સમાજના મોટા ભાગના લોકો વન-વગડે વિચરતા હતા, પોતાના ઘેટા-બકરા એજ પોતાની સંપતિ અને પોતાની દુનિયા સમજતા, આ સમાજના લગભગ દરેક વ્યકિત આ બસ કયા જશે ભાઈ ? એવું પુછીને બસમાં બેસતા હતા, આંગણીના વેઢે ગણી શકાય તેટલી માત્રામાં લોકો ભણેલા હતા. ત્યારે આ સમાજ માટે કન્યા શિક્ષણ તો બહુ દુરનું સ્વપ્ન હતું ! પરંતુ છેલ્લા એક દાયકામાં ઢેબર રબારી સમાજે શિક્ષણ પ્રત્યે તો જાગૃતિ દર્શાવી જ છે પરંતુ ઘણી ઝડપથી પ્રગતિ માટેના પ્રયત્નો પણ સતત કર્યા છે. સામાજીક અભિગમ બદલવુ એ સમય માંગી લેતી પ્રક્રિયા છે પણ આ કિસ્સામાં બહુ જ ઝડપથી બદલાવ જોવા મળી રહયો છે.




શૈક્ષણિક અભિગમના આ ઝડપી બદલાવના કારણો વિશે ચર્ચા કરતા ૧૯૯૩માં સ્વ. લાખાભાઈ

દેવાભાઇ રબારી (ટપ્પર) ની પ્રેરણાથી ઢેબર સર્વ સેવા વિકાસ મંડળ અંજાર દ્વારા અંજાર મુકામે શરૂ થયેલ છાત્રાલયે રણમાં મીઠી વિરડી સમાન દાયિત્વ નીભાવ્યું છે. ૩૦ બાળકોના છાત્રાલયથી જેનું બીજાંકુરણ થયું હતું તેવી આ સંસ્થા દ્વારા ભટકતું-રઝડતું વગડાનું જીવન ગાળનાર વાલીઓને બાળકને શિક્ષણની તક આપવાનું પ્રવેશદ્વાર મળી ગયું છે.



ઢેબર સર્વ સેવા મંડળ સંચાલીત આશ્રમ શાળા ના મુખ્ય સ્થાપક
સ્વ. શ્રી લાખાભાઈ દેવાભાઈ રબારી (ગામ- ટપ્પર, તા. અંજાર-કચ્છ)

જેમ જેમ લોકોને શિક્ષણનું મહત્વ સમજાતું ગયું તેમ તેમ આ સંસ્થાએ પોતાના કદનો વિસ્તાર કર્યો અને વધુમાં વધુ બાળકોને આવરી લેવા માટે સતત ને સતત પ્રયત્નો ચાલુ રાખ્યા. પરિણામે આજે આ સંસ્થાના પ્રમુખશ્રી હિરાભાઇ દેવાભાઇ રબારી અને અન્ય રબારી સમાજના આગેવાનોના પ્રયત્નોથી આ છાત્રાલયની સાથે-સાથે વિશાળ શૈક્ષણિક સંકુલ અસ્તિત્વમાં આવ્યું જયાં પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચતર માધ્યમિક શાળા સુધીના શિક્ષણ ઉપરાંત ટેકનીકલ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. આ શિક્ષણનું વટવૃક્ષ બની ગયું છે. આ સંકુલની વાત અહિં એટલા માટે મુકી છે કે કચ્છના રબારી સમાજમાં શિક્ષણની જાગૃતિના ક્ષેત્રે આ સંકુલ એ. પી. સેન્ટરની ભુમિકા ભજવશે.

વર્તમાન સમયમાં શિક્ષિત કુમાર અને કન્યાઓની સંખ્યાઓની સરખામણી કરતા રબારી સમાજના આગેવાનોને કન્યા કેળવણીના ક્ષેત્રે જાગૃતિ લાવવાની જરૂરિયાત જણાઇ અને લોકોની જાગૃતિ માટે આગેવાનોએ



કમર કસી અને સમાજના સંતો, મહંતોના આશીર્વાદ અને સહકારથી ગામડું-ગામડું ખુંદી વળવા માટે આયોજન કરવામાં આવ્યું અને કન્યા





કેળવણીના ક્ષેત્રે અન્ય સમાજોને રાહ ચીંધે એવી ‘‘ કન્યા કેળવણી રથયાત્રા’’ નું આયોજન કરવામાં આવ્યું.

પ્રથમ તબકકે અંજાર ઢેબર રબારી સમાજના ૬૪ ગામોમાં રથયાત્રાનું આયોજન થયું જેની શરૂઆત અંજાર તાલુકાના વરસામેડી ગામથી કરવામાં આવી રબારી સમાજના અગ્રણીઓ અને ધર્મગુરૂઓ દુધરેજ વડવાળા મંદિરના મહંતશ્રી કણીરામ મહારાજ તથા દુધઇ વડવાળા મંદિરના મહંતશ્રી રામબાલકદાસ મહારાજના સાનિધ્યમાં પ્રસ્થાન કરવામાં આવ્યું.

‘‘વર્તમાન જ નહી ભવિષ્ય બચાવીએ, દિકરીને ભણાવીએ’’ ના મુખ્ય સુત્રો સાથે કન્યા કેળવણી શિક્ષણ રથયાત્રા, ‘‘દિવો પ્રગટાવીએ ત્યાં જયાં અંધારૂ છે ’’ આવતી કાલ એમની હશે જે ભણેલા હશે, ‘‘ચાલો દિકરીઓને શિક્ષણના અજવાળા આપીએ’’ના સુત્રો સાથે કન્યા કેળવણી શિક્ષણ રથયાત્રા વરસામેડી, ખારાપસવારીયા, અજાપર, મોડવદર, મીઠીરોહર, પડાણા, નંદગામ, યશોદાધામ, ભચાઉ, ચોપડવા, કબરાઉ, લુણવા, ભીમાસર, સુખપર, મોરગર, લાખાપર, આંબાપર, ટપ્પર, ચાંદ્રાણી, નવાગામ, હીરાપર, ખીરસરા, કોટડા, દુધઇ, બાનીયારી, ફતેપર, રતનાલ, મોડસર, જરૂ, ખોખરા, ચંદ્રનગર, રાપર, સતાપર, ધાણેટી, મમુઆરા, નાડાપા, જવાહરનગર, મોડસર, કોટાય, લોડાઇ, હબાય, રાયધણપર, વરનોરા, હરોડી, ચકાર, વરલી, લફરા, વાંકી, પત્રી, મખીયાણ, લોહારીયા, પાંતીયા, મીંદીયાણા, ભાદ્રોઇ, મારીગણા, ખેડોઇ, ચાંદ્રોડા, કુકડસર, માથક, સંઘડ, રામપર, ગળપાદર, કીડાણા, ભારાપર અને અંતરજાળ જેવા ગામોમાં ફરી વળી, આ રથયાત્રામાં રબારી આગેવાનો અને જાગૃત યુવાનોએ ગામડે ગામડે ફળીયુ અને શેરીએ-શેરીએ જઇને કન્યાઓને ભણાવવાનો નાદ ગુંજતો કર્યો. અંજાર મુકામે કન્યા છાત્રાલય બનાવવા રબારી સમાજ સંકલ્પબદ્ધ બન્યો કન્યા કેળવણી શિક્ષણ રથયાત્રા પ્રત્યેની આગેવાની

પ્રતિબધ્ધતા અને તમામ નાના મોટા ગામડાઓમાં મળેલો જબરજસ્ત પ્રતિસાદએ રબારી સમાજમાં કન્યા કેળવણી માટે શિક્ષણોદય ગણી શકાય.

૨. ભરતગુંથણની દહેજપ્રથાના કારણે રબારી સમાજની બહેનોએ ત્રણ-ચાર વર્ષ ભરત ભરવું પડતું અને વધારે પડતુ ભરતગુંથણની વસ્તુ ખરીદી માટે સતત અંજાર આવવું પડતું અને આર્થિક બોજ પણ વધતો તેમજ સમયસર ભરતનું કામ ન થાય તો સમાજમાં ખરાબ લાગશે તેવું સમજી દિકરીને સતત ભરત ભરાવતા તેથી દિકરી ભણી શકતી નહી અને સમયસર લગ્ન પણ થતા નહી. તેમજ ભરતનો કોઈ ખાસ ઉપયોગ પણ થતો ન હતો તેમા માટે ઢેબર દ્વારા લગ્નમાં ભરતગુંથણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો



જેથી દિકરીને આસાનીથી ભણાવી અને પરણાવી શકાય છે. પરંતુ આજીવિકા માટે ભરત ભરે તેની છુટ આપવામાં આવી, ઢેબર રબારી સમાજના નિયમથી દિકરીઓ ભણે છે અને ઉમર પ્રમાણે પરણે છે.

લગ્ન સમય દિકરીને ભરત ગુંથણની ઘણી સાધન સામગ્રી આપતા તેને ઝુરીયો કહેતા ! આ ઝુરીયામાં ઘર સજાવટની ભેટ સામગ્રી આપવામાં આવતી, આ સાધન સામગ્રી બનાવવામાં ઘણો સમય



જતો આર્થિક રીતે ઘણી તકલીફ પડતી છતાં આ સમાજ માં ઝુરીયો આપવામાં આવતો. આ ઝૂરીયો ૧૯૯૪ સુધી આપવામાં આવતો તેમાં નીચે મુજબની વસ્તુને સમાવેશ થતો.



બે નંગ તોરણ ઘર ઉપર લગાડવાના, સાખીયા બે નંગ, બે નંગ પડદા, બે ચાકરા સજાવટ માટે, બે ચાકરી નાની, બે નંગ લટકણીયા, બે નગં થેલી મુસાફરી સમય ઉપયોગ કરી શકાય.

આ તમામ વસ્તુ કાપડ અને હસ્તકળા ભરતકામ કરીને તૈયાર કરવામાં આવતી, જેથી ઘરમાં બે થી ત્રણ બહેનો હોય આ તમામ ભરતકામ કરવામાં લાગી જતી જેથી તેમના શિક્ષણ ઉપર અને ઘરની કમાણી ઉપર અસર થતી.

તે સમયમાં આ વસ્તુ બનાવવા એક બહેન ઘણા વર્ષો લાગી જતા અને અંદાજીત બે લાખ જેટલો ખર્ચ થતો, અને આ ભરત ન ભરાઈ રહે ત્યાં સુધી કન્યા એમના પીયરમાં રહેતી તેથી આણા પ્રથા વધારે ચાલતી. જેથી ઘર સંસાર માંડવામાં શારીરિક તકલીફ વધી જતી અને એનો ઉપયોગ બહુ



નહિવત હોવાથી આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ૧૯૯૧ થી સમાજના મહિલા આગેવાન શ્રી સતીબેન રણમલભાઈ દ્વારા આ સમાજની ઝુરીયો ન આપવા માટે સુચન કરેલ.

સામાજીક આગેવાનો દ્વારા વિચાર વિમર્શ કરીને અતી ખર્ચાળ હોવાથી આર્થિક રીતે નુકશાન કરતા લાગતા સમાજ દ્વારા ઝુરીયો આપવાનો ૧૯૯૪ થી સંપુર્ણ બંધ કરેલ છે. પરંતુ કોઈ બેનને શોખ માટે બનાવવું હોય તો એમની રીતે બનાવી શકે છે. એના કોઈ નીતિનિયમ કે ફરજીયાત નથી. આ ૧૯૯૪ પહેલા કોઈ કન્યા ઝુરીયો ન લઈ આવે તો એમના વાલી ઉપર દંડની જોગવાઈ રાખેલ હતી જે હવે દંડની જોગવાઈ નથી તેથી આ સમાજ ઝુરીયા પ્રથા બંધ કરેલ છે.

૩. પરંપરાથી ઢેબર રબારી સમાજમાં જન્માષ્ટમીના જ લગ્ન કરવા તેવો નિયમ હતો, કારણ કે માલ જંગલમાં મુકીને અહીં લગ્ન કરતા પણ હવે તો ઘણા ખેતી કે અન્ય ધંધા કરે ત્યારે કામની ખુબ જ મહત્વની સીઝન હોય છે.



તો સમાજમાં ચર્ચા થઈ કે શું વૈશાખ મહિનામાં ઉનાળામાં નવરાશના સમયે લગ્ન ના થઈ શકે ! તો ઢેબર રબારી સમાજે સાથે મળીને વૈશાખ મહીનાની અખાત્રીજ ના લગ્ન કરવા નકકી કર્યું. શરૂઆતમાં ૮-૯ લગ્ન થયા પરંતુ હાલ મોટા ભાગના લગ્નો અખાત્રીજના થાય છે. જેથી સમાજ લગ્નોને સારી રીતે માણી શકે છે.

કચ્છ ઢેબર માલધારી લગ્ન દિવસ એટલે ગોકુળ આઠમ એટલે જન્માષ્ટમી

ના કરવામાં આવતા પરંતુ જન્માષ્ટમી સમયે વરસાદ સારો હોય એટલે માલધારી પોતાનું માલ લઈ ભારતના અલગ અલગ રાજયમાં માલ લઈ જતા



તેથી તેઓને આ સમય પશુઓને ચરાવવાનું કામ ગણું રહેતું અને વરસાદના સમયમાં પશુઓમાં રોગનું પ્રમાણ વધારે હોય તેથી પશુઓને રેઢા મુકીને ન શકાય તેથી છતા માલ બીજાને સોંપી, માણસ રાખી માલધારી અલગ અલગ રાજયમાં રહેતા પરંતુ લગ્ન કરવા માટે પોતાના ગામમાં આવતા.

જન્માષ્ટમી સમયે સીમાળામાં ઘાસચારાનું સારૂં પ્રમાણ હોય એ સમય પોતાના પશુઓ મુકી ન શકાય, તેથી ઉનાળાના સમયમાં મોટા ભાગના માલધારીઓ કયાક લીલી ખેતીવાળા વિસ્તારમાં રહેતા હોય જેથી પશુઓને વાડી વિસ્તારમાં ચારો મળી રહે, જેથી પશુઓ પાછળ ઓછો સમય જોઈતો હોવાથી આ માલધારીઓ નવરાશ રહેતી હોવાથી ઉનાળાના સમયમાં અખાત્રીજના લગ્ન કરવાનું આ સમાજ દ્વારા નકકી કરેલ છે. હાલમાં આ સમાજના અખાત્રીજ અને જન્માષ્ટમી આમ બે દિવસ લગ્ન કરતા હોય છે.



## :: ઢેબર રબારી સમાજ માટે ગૌરવ સમાન ::

અંજાર શહેરમાં અંજાર નગરપાલિકા દ્વારા રબારી સમાજના સ્વ. લાખાભાઈ દેવાભાઈ રબારીએ આપેલ શિક્ષણ માટેના યોગદાનને કાયમી યાદગીરી રૂપે જેસલ-તોરલ સમાધી પાસે

**શ્રી લાખાભાઈ રબારી સર્કલ**

એવું નામ આપી તેમની અર્ધ પ્રતિમા આ ચોકમાં બેસાડવામાં આવેલ છે.

જે રબારી સમાજ માટે એક ગૌરવની વાત છે.

## ઢેબર રબારી સમાજના યુવાનોની એક પ્રશંસનિય પહેલ

ઢેબર રબારી સમાજના યુવાનો દ્વારા સેલીબ્રેટ વીથ સમાજ અંતર્ગત શિક્ષણના વિકાસ અર્થે જયારે સમાજમાં કોઈનો જન્મદિવસ કે કોઈના ઘરે શુભ પ્રસંગ હોય, વિશેષ સિધ્ધિ બદલ અભિનંદન વગેરે પ્રસંગે આર્થિક અનુદાન સ્વિકારવામાં આવે છે. આ આર્થિક અનુદાન સમાજના ઢેબર સર્વ સેવા વિકાસ મંડળમાં આપવામાં આવે છે.

સાથે સાથે સમાજીક પ્રવૃત્તિઓ બ્લડ ડોનેશન કેમ્પ, કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, પ્રતિભાવાન વિદ્યાર્થીઓને ઉચ્ચઅભ્યાસ માટે વિશેષ સહયોગ જેવી પ્રવૃત્તિઓમાં સંલગ્ન છે.

મોડસર ગામના જેસંગભાઈ હઘુભાઈ રબારી દ્વારા માલધારી સમાજ માટે શિક્ષણ ઉપર ભાર મુકતુ માલધારી ઢેબર સમાજના અંતરના શબ્દોમાં રચાયેલું ભજન

**(રાગ : આરાધી (વાગે ભડાકા ભારી રે...)**

દહીં-દુધ એનો દેહ બંધાણો.... એના હૈયામાં છે હોશિયારી....
ભણ્યા પછી એના ભાગ્ય ખોલસે....
પાછલી પેઢી તારી રે....
રબારી વાત લેયો વિચારી ભણાવો છોકરા ભારી....
વન વગડામાં ડુંગર ગારીએ રાત હોય અંધારી....
સિંહને મુખેથી વાછડું છોડાવે....
માથામાં લાકડી મારી.... રબારી વાત લેયો વિચારી ભણાવો છોકરા ભારી....
શિક્ષીત હસેતો સંસદમાં પારલામેન્ટ પડકારી....

રબારી વાત લેયો વિચારી ભણાવો છોકરા ભારી....
સંકટ સમય સમાજ સાથે સાથે હાલસે....
હાલસે હાકલો મારી....
રબારી વાત લેયો વિચારી ભણાવો છોકરા ભારી....
અભણનો કોઈ ભાવ નહી પુછે....
રખડી જાસો રબારી....

સાચુ કહુ છુ છતા જુઠુ ન માનશો....
ભણવા લાગ્યા ભીખારી....
રબારી વાત લેયો વિચારી ભણાવો છોકરા ભારી....
સેવક કહે તમે સાંભળો રબારી....
જમાનો આવે છે ભારી....



વડવાળો તમને વાટ બતાવે....
હયે ન જાસો હારી....
રબારી વાત લેયો વિચારી ભણાવો છોકરા ભારી....



**- જેસંગભાઈ હઘુભાઈ રબારી**

## નાત છે રબારી

પ્રકૃતિના ખોળે ખેલતી રંગીલી આ નાત છે રબારી
વિરતાથી ભરેલી વિહોતર જેટલી શાખ છે રબારી
વડવાળાને ભજતી ભોળી પણ ભડવીર આ જાત છે રબારી
રબ સાથે યારી રાખનાર ગંગા જેવી નાત છે રબારી
એકતાના પરચા દેતી ચૌદ પરગણાની નાત છે રબારી
પશુપતિને ગમતી ગોવાળની આ જાત છે રબારી
કલીયુગમાં ગોગાના હુકમે ડગલા માંડતી આ નાત છે રબારી
ધરમ કાજે માથા દેનાર પાળિયાની આ જાત છે રબારી
રત્ના રાયકાની વિશ્વાસુ આ નાત છે રબારી
દુનિયાને દેવીદાસ પીર દેનાર આ જાત છે રબારી
ભારત ભોમ કાજે પગી બનનાર રણછોડની જાત છે રબારી
દાનભુષણ બાબુભાઇ વાતમાનો વટ છે રબારી
કરવી છે શિક્ષિત સમાજ એવી હીરાકાકાની હામ છે રબારી
કસી કમર હવે સફળ થવુ છે સંભળાતી એવી ત્રાડ છે રબારી
દેહના નહિ પણ દિકરાના દાન દેનાર આ જાત છે રબારી
ખોટાને છોડે નહિ એવી આ સિંહ કેરી જાત છે રબારી

- બાબુલાલ (વરસામેડી)

### લગ્ન સમય ગવાતા ગીત

ભજાણા શહેરોના હાથી માણા હ રાજ...
હાથીડાની છે લમાણા હ રાજ.
બેસીને દાદા દેહ વતાળ માણા હ રાજ...
દેહલડો મોરાનો લાડીવહુ પોતાની માણા હ રાજ...
દેહલડો રા ખેંગાર માણા હ રાજ...
કેસરીયા લાડી વહુ પોતાની માણા હ રાજ...
પીધોરે પોઢે રાખેગાર માણ હ રાજ...
માળીએ પોઢે થરનો સુમરો માણા હ રાજ...
ધોરી ડેલીએ થરનો સુમરો માણા હ રાજ...
નીલી ટોપીએ રાખેગાર માણા હ રાજ...
નીલે કસુબે સુવે હમીર...
પીરી પાંભનીએ સુઢો સુમરો...

### જાન જાય ત્યારે

પીધોરે પોઢે રા ખેંગાર માણા હ રાજ
માળીએ પોઢે વરનો સુમરો
ધોરી ધોતીએ વરનો સુમરો માણા હ રાજ
નીતી ટાપીએ રા ખેંગાર માણા હ રાજ (૨)
સોના હીડોળે રૂપા બેડ...
બેડુ મારૂ સવા લાખનુ.....
વવાર ચાલી પાણી ભરવા...
કેસરીયો હાલ્યો ઘોડા પાવા...
કીયો કેસરીયો ડાડો...
કઇ કેસરીયાની આઇ...
કયા કેસરીયા ગામ...
કયા કેસરીયાના દેહ...

૨....

માણ હ રાજ વવાર બેઠી આબલીયાની ડાળ...
માણ હ રાજ કેસરીઓ બેઠો ગઢને કાગરે....
માણ હ રાજ વવાર માંગે બુટીયાની જોડ.....
માણ હ રાજ કેસરીઓ માંગે લટીયાવર લાડલી...
માણ હ રાજ ડાડા મોરા હાથી સણગારો માણ હ રાજ...

- સભીબેન કરણાભાઈ
રબારી - ખોખરા

# ઢેબર રબારી સમાજના સામાજીક આગેવાનો તથા સહયોગીઓ



**હીરાભાઈ દેવાભાઈ રબારી**
પ્રમુખ
અખિલ કચ્છ રબારી સમાજ



**જગાભાઈ પચાણભાઈ રબારી**
પ્રમુખ
શ્રી ઢેબર રબારી સમાજ - અંજાર

**ભુરાભાઈ કરણાભાઈ રબારી**
ટપ્પર

**અરજણભાઈ હીરાભાઈ રબારી**
જરૂ

**હમીરભાઈ સકુભાઈ રબારી**
કોટડા

**જેસંગભાઈ હધુભાઈ રબારી**
મોડસર

**કરણાભાઈ મેરાભાઈ રબારી**
મીંદીયાળા

**કરશનભાઈ રાણાભાઈ રબારી**
ખારાપસવારીયા

**દેવાભાઈ આસાભાઈ રબારી**
મીંદીયાળા

**રૂપાભાઈ કરણાભાઈ રબારી**
મીંદીયાળા

**કાનાભાઈ વકાભાઈ રબારી**
મીંદીયાળા

**વિભાભાઈ કરણાભાઈ રબારી**
લાખાપર

**ભોજાભાઈ ભચાભાઈ રબારી**
ભાદ્રોઇ

**ચનાભાઈ સોમાભાઈ રબારી**
ભીમાસર

**વિભાભાઈ હમીરભાઈ રબારી**
પડાણા

**સામતભાઈ સવાભાઈ રબારી**
માથક

**મસરૂભાઈ રીંણાભાઈ રબારી**
મારીંગણા

**રાણાભાઈ દેવશીભાઈ રબારી**
કુકુડસર

**પબાભાઈ ગોવાભાઈ રબારી**
ધાણેટી

**મોહનભાઈ હમીરભાઈ રબારી**
મીઠીરોહર

**નાગજીભાઈ બધાભાઈ રબારી**
ચીરઇ

**અરજણભાઈ મંગાભાઈ રબારી**
વરનોરા

**વીભાભાઈ પચાણભાઈ રબારી**
લોડાઇ

**આંબાભાઈ નાથાભાઈ રબારી**
વરસામેડી

**દેવાભાઈ ભીખાભાઈ રબારી**
ખોખરા

**ધનાભાઈ હિરાભાઈ રબારી**
અજાપર

## તથા તમામ ગામોના સામાજીક આગેવાનો

# :: ઢેબર રબારી સમાજની આગવી પ્રતિભાઓ ::

## :: રાજકીય ક્ષેત્રે ::

**ખોડાભાઇ દેવશીભાઇ રબારી**
સદસ્યશ્રી, જીલ્લા પંચાયત-કચ્છ

**લક્ષ્મીબેન પબાભાઇ રબારી**
સદસ્યશ્રી, તાલુકા પંચાયત-અંજાર

**રૂપાભાઇ પચાણભાઇ રબારી**
સરપંચશ્રી, વરસામેડી ગ્રામ પંચાયત

**ઘનીબેન કરશનભાઇ રબારી**
સરપંચશ્રી, ખારા પસવારીયા

**રણમલભાઇ ભોજાભાઇ રબારી**
સરપંચશ્રી, મિંદીયાળા ગ્રામ પંચાયત

**ગીતાબેન મશરૂભાઇ રબારી**
સરપંચશ્રી, મારીંગણા ગ્રામ પંચાયત

**શંકરભાઇ વંકાભાઇ રબારી**
સરપંચશ્રી, કુકડસર ગ્રામ પંચાયત

**સરતાણીબેન ભોજાભાઇ રબારી**
સરપંચશ્રી, ભાદ્રોઇ ગ્રામ પંચાયત

**દેવાભાઇ સોમાભાઈ રબારી**
સરપંચશ્રી, ગોધરા ગ્રામ પંચાયત

## :: વેપાર ઉદ્યોગ ક્ષેત્રે ::

**ડાયાભાઈ ભુરાભાઈ રબારી**
શ્રી ગણેશ હેન્ડલીંગ - ગાંધીધામ

**અરજણભાઈ સુરાભાઈ રબારી**
શ્રી લક્ષ્મી કન્ટ્રકશન કંપની - ભુજ

**ધનાભાઈ હિરાભાઈ રબારી**
ગણેશ પેટ્રોલીયામ - વરસાણા

**વિરમભાઈ મમુભાઈ રબારી**
એડવોકેટ, અંજાર

## :: ઢેબર રબારી સમાજ નારી શકિત ::

**પાબીબેન લક્ષ્મણભાઈ રબારી**
રબારી ભરતકામ ક્ષેત્રે

**ગીતાબેન કાનાભાઈ રબારી**
લોકગાયન ક્ષેત્રે







રબારી સમાજના રહેઠાણ, સમાજના ઉત્સવ અને પહેરવેશને ઉજાગર કરતું ૨૬ જાન્યુ. ૨૦૦૦ની પરેડમાં રબારી સમાજનો ફલોટ તથા વડાપ્રધાન બાજપાયજી સાથે સમાજના લોકો



રબારી સમાજના અગ્રણીઓ વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાતે




રબારી સમાજના અગ્રણીઓ તત્કાલીન વડાપ્રધાન
શ્રી અટલબીહારી બાજપાય સાથે




રબારી સમાજના કાર્યક્રમમાં પધારેલ તત્કાલીન
મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા



રબારી સમાજના આગેવાનો તત્કાલીન
પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈ



રબારીઓની પારંપરીક એવી ઊંટની સવારી કરતા
તત્કાલીન મુખ્યમંત્રી શ્રીશંકરસિંહ વાઘેલા



ઢેબર સર્વ સેવા શૈક્ષણિક સંકુલની મુલાકાતે
પધારેલા પ્રમુખ સ્વામી મહારાજ



ઢેબર શૈક્ષણિક સંકુલની મુલાકાતે
ગુજરાત રાજયના મંત્રીશ્રી રમણલાલ વોરા



શૈક્ષણિક સંકુલમાં કન્યાઓ માટે અદ્યતન
સુવિધાથી સજ્જ કન્યા છાત્રાલય





सेतु

સેતુ અભીયાન

AJWS

: સહયોગ

**શ્રી ઢેબર રબારી સમાજ**

અંજાર - કચ્છ